July 2017

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 11 ● Issue 9 / 126
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળે ૧૦ સપ્ટેમ્બરના દિવસે સહારા સ્ટાર હોટલમાં **'ટ્રેડફેર'નું** આયોજન કરેલ છે. અગાઉના અનુભવો પરથી ઉત્તરોત્તર ટ્રેડફેરના સ્થળ અને આયોજનમાં પણ સમાજ ઉપયોગી ફેરફારો થઈ રહ્યા છે. આ વખતે પણ સમાજના સભ્યોના સ્ટોલોની સાથે સાથે આપણા સમાજના ઈન્ડસ્ટ્રીયલ હાઉસો તેમજ જુદી જુદી માર્કેટમાં વ્યવસાય કરતા વ્યાપારીઓ માટે **'પેવેલીયન'** ગોઠવવામાં આવેલ છે, જેથી આ વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓની પ્રવૃત્તિઓથી પ્રદર્શનમાં આવનાર મોટો વર્ગ વાકેફ થઈ શકે.

મંડળની **જીવન મહેક સમિતિ** દ્વારા સહારા સ્ટારના ફાઈવસ્ટાર વાતાવરણનો સામાજીક ઉદ્દેશ માટે સદ્ઉપયોગ કરી શકાય તે હેતુથી સમાજના અપરિણીત યુવક-યુવતીઓ માટે સુંદર વ્યવસ્થા રાખી **'ડિજિટલ મેચ મેકીંગ'નું** આયોજન પણ ટ્રેડફેરની સાથોસાથ તેજ સ્થળે કરેલ છે. (જેની વધુ વિગતો આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કરેલ છે.) આપણા વિશાળ સમાજના કુટુંબો સામાજીક સંબંધોથી એકબીજાની નજદીક આવે તે માટે સૌ પ્રયત્નશીલ રહી આ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપે તેમ હું ઈચ્છું છું.

પાટણના ખેતરવશીના પાડાના **શ્રી નિતિનભાઈ જયંતિલાલ શાહ (હાલ અમેરિકા)** આપણા સમાજના અમેરિકા ભણવા જતાં વિદ્યાર્થીઓને ભણતર માટે લોન આપે છે, આ વિદ્યાર્થીઓનું ભણતર પુરુ થતાં તેઓ લોન શ્રી નિતિનભાઈને પરત કરે છે. પાટણના અમેરિકા સ્થિત આપણા પરિવારોને મારી ખાસ વિનંતી છે કે, ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ભણવા આવતા આપણા સમાજના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકીર્દી શ્રી પાટણ જૈન મંડળના ભવિષ્ય સાથે સંલગ્ન છે માટે આપ સૌ ત્યાં સંગઠીત થઈ આ વિદ્યાર્થીઓને તમામ સહકાર આપશો.

મંડળની સ્પોટર્સ સમિતિ દ્વારા સૌ પ્રથમ જ **IPL ફોરમેટની T20 મેચોની ટુર્નામેન્ટ Somira Patan Premier Leagueના** નામે યોજાઈ રહી છે, તેમાં યુવાનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરર તરીકે **Somira Diam** તથા કો-સ્પોન્સરર **Shri Mukeshbhai Chimanlal Patani** છે તથા Team owners માટે પણ સમાજના દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ સાંપડી રહેલ છે, તે જણાવતાં આનંદ અનુભવું છું.

શ્રી પાટણ જૈન મંડળ શિક્ષણને અગ્રતાક્રમ પર રાખે છે. આપણે શિક્ષણ ક્ષેત્રે કોઈપણ પ્રકારનો આર્થિક પ્રશ્ન હોય તો **શિક્ષણ સમિતિ** આપને **લોન / સ્કોલરશીપ** દ્વારા શક્ય તે તમામ સહાય કરશે. આપણી સંસ્થાનું એ હંમેશા ધ્યેય રહેલું છે કે, પાટણના કોઈપણ વિદ્યાર્થીને ભણતર માટે આર્થિક પ્રશ્ન ન રહેવો જોઈએ. આપણે એક સુશિક્ષિત સમાજનું નિર્માણ કરીએ કે, જેમાં કોઈપણ પરિવાર શિક્ષણથી વંચિત ન રહે.

મંડળની પ્રોગ્રામ સમિતિ દ્વારા દર વર્ષે પર્યુષણ પૂર્વે શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે, તે મુજબ ચાલુ સાલે **તા. ૧૩-૮-૨૦૧૭ના** યોજાયેલ વ્યાખ્યાન દરમ્યાન **ડૉ. જીતેન્દ્રભાઈ શાહ ખાસ અમદાવાદથી આવશે કે જેઓ** ભુતકાળમાં **''કર્મવાદના રહસ્યો''** વિશેનું મનનીય પ્રવચન સાંભળેલ ને હવે ચાલુ સાલે **''જૈન ધર્મની ગૌરવ ગાથા''** વિશે વ્યાખ્યાન આપશે જેનો લહાવો ચુકવા જેવો નથી.

આગામી માસના ઉત્તરાર્ધમાં વાજતે ગાજતે આવનાર પર્યુષણ મહાપર્વ પ્રસંગે ધર્મ-આરાધનાઓ તેમજ તપશ્ચર્યાઓ આદિ કરી કર્મનિર્જરા કરી નિર્મળ થશો. તેમજ જિનવાણી શ્રવણ કરી આગામી ભવો માટે પુણ્યનુભાથુ બાંધશો.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

### Translator - અનુવાદક

શ્રી પાટણ જૈન મંડળના માસિક મુખપત્ર પાટણ પ્રતિબિંબમાંની કેટલીક વિગતો ગુજરાતીની સાથે અંગ્રેજીમાં પ્રગટ કરવામાં આવે છે, તેમજ અન્ય ગુજરાતી લેખોનું **અંગ્રેજીમાં ટ્રાન્સલેશન - ભાષાંતર - અનુવાદ** કરી શકે તેવા સમાજના ભાઈ-બહેનોની સંસ્થાને ખાસ જરૂરત છે, તેઓએ મંડળમાં વહેલી તકે સંપર્ક સાધવા ખાસ વિનંતી છે.

## શ્રી બી.ડી.એસ. વિદ્યાલય, પાટણ
## શાળા પ્રવેશોત્સવ, ઈનામ વિતરણ સમારોહ તેમજ પેરેન્ટ્સ મીટીંગના આયોજન પ્રસંગે




રાજ્યમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી શ્રી રાહુલ મોદીનું સન્માન




પ્રિન્સિપાલ ડૉ. બળદેવભાઈ દેસાઈનું ચાંદીની કાસકેટ અર્પણ કરી સન્માન

શ્રી પાટણ જૈન મંડળની પાટણ ખાતે પ્રાથમિક, માધ્યમિક સ્કુલ, કૉલેજ, અતિથિ ગૃહ, સિદ્ધહેમ જ્ઞાનપીઠ જેવી મુખ્ય પ્રવૃત્તિઓ સહીત અનેક વિધ પ્રવત્તિઓ ચાલી રહી છે.

હાલમાં જૂન મહિનામાં તા. ૨૩ થી ૨૭ દરમ્યાન સંસ્થાના પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**, ઉપપ્રમુખ **શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી**, માનદ્‌મંત્રી એડમીનીસ્ટ્રેશન **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** તેમજ સંસ્થાના મેનેજર **શ્રી મનુભાઈ જોષીએ** ચાર દિવસ રહી વિવિધ સંસ્થાકિય કાર્યવાહીની સમીક્ષા કરી તેના સરળ અને સફળ સંચાલન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

**શનિવાર, તા. ૨૩-૬-૨૦૧૭ના** રોજ સવારે ૧૦ કલાકે શાળાના સેન્ટ્રલ હોલમાં વિદ્યાર્થી પ્રવેશોત્સવ તેમજ ગર્વમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓને અપાતા પાઠ્ય પુસ્તકોનો વિતરણ સમારોહ સંસદિય સચીવ તથા ધારાસભ્ય **માનનીય શ્રી રણછોડભાઈ દેસાઈના** અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરાયા હતા.

**રવિવાર, તા. ૨૪-૬-૨૦૧૭ના** મુંબઈથી ખાસ પધારેલા આદરણિય શ્રી જે.કે. શાહ, મંડળના ઉપપ્રમુખ શ્રી વી.પી. શાહ, શ્રી દિપકભાઈ આર. શાહ, ટ્રસ્ટી શ્રી પંકજભાઈ પનાલાલ શાહ, શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ તથા શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહે શાળાની ખાસ મુલાકાત લઈ શાળાની પ્રગતિની માહિતી મેળવી હતી.

**સોમવાર, તા. ૨૫-૬-૨૦૧૭ના** રોજ બપોરે ૨ કલાકે શાળાના પટાંગણમાં પેરેન્ટ્સ મીટીંગનું આયોજન કરાયું હતું, આ પ્રસંગે આચાર્યશ્રીએ શાળાની પ્રગતી, સિદ્ધીઓ તેમજ ભાવી વિકાસની યોજનાઓનો ચિતાર આપ્યો હતો. શિક્ષણ અને સ્પોર્ટસ તેમજ અન્ય ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

મુખ્યત્વે **ગુજરાત રાજ્યમાં ધો. ૧૨ સાયન્સમાં પ્રથમ ક્રમાંકે** આવનાર **શ્રી રાહુલ નૈષેધભાઈ મોદી** (૯૯.૯૯ પરસન્ટાઈલ)ને શાળા તરફથી રૂા. ૫,૦૦૦/-ની રોકડ રકમ સહીત અનેક ઈનામો અપાયા હતા. **ઈન્ટરનેશનલ લેવલે ટેનીશ** ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી સ્કુલ અને પાટણનું નામ રોશન કરનાર વિદ્યાર્થી **શ્રી મેઘ પટેલને** શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, હાલ અમદાવાદ સ્થિત **શ્રી પ્રિયવદનભાઈ દ્વારા રૂા. ૬૧,૦૦૦/-નો** ચેક અર્પણ કરાયો હતો. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ તેમજ અન્ય ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ મેહુલ મોદી, પુજન પટેલ, ધ્વનિત દરજી, સચીન શાહ તેમજ અન્ય વિદ્યાર્થીઓને રોકડ રકમ દ્વારા પુરસ્કાર આપી સન્માન કરાયું હતું. આ તેજસ્વી વિદ્યાર્થીઓને **શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી તથા શ્રી પ્રિયવદનભાઈ શાહ** તરફથી પુરસ્કારરૂપે રોકડ રકમના કવર અપાયા હતા.

શાળાના આચાર્ય **ડૉ. બળદેવભાઈ દેસાઈને** સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરવા માટે રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય તરફથી એવોર્ડ મળ્યો હતો. આજના પ્રસંગે તેઓનું પણ શ્રી પાટણ જૈન મંડળ સંસ્થા દ્વારા **શાલ ઓઢાડી, ચાંદીની કાસકેટ અર્પણ** કરી સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમ મંડળના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાહના** અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, જેમાં સંસ્થાના અન્ય હોદ્દેદારો, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખશ્રી અને શાળાના માજી આચાર્ય **શ્રી ચીનુભાઈ શાહ,** વાલીમંડળના પ્રમુખ **શ્રી નૈષેધભાઈ મોદી,** સ્થાનિક સમિતિના સભ્યોશ્રી **ડૉ. અતુલભાઈ અગ્રવાલ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અમદાવાદથી શ્રી કલ્પેશભાઈ બારોટની ઉપસ્થિતિ રહી હતી.** કાર્યક્રમની સમાપ્તિ બાદ અલ્પાહારનું આયોજન કરાયું હતું.

**મંડળના હોદ્દેદારોની પાટણમાં આ ચાર દિવસીય સંસ્થાકીય મુલાકાતથી સંસ્થા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની પ્રત્યક્ષ ઝાંખી થઈ હતી અને વિવિધ મુદ્દે ચર્ચા-વિચારણાઓ કરી યોગ્ય નિર્ણયો લેવાયા હતા.**



પેરેન્ટ્સ મિટિંગ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા વાલીઓ

# SHREE PATAN JAIN MANDAL

Presents TRADE FAIR EXHIBITION

Sunday, 10th September 2017, Venue: HOTEL SAHARA STAR, Vile Parle (East)

We, PJM Trade Fair Committee, are pleased to offer a GOLDEN OPPORTUNITY for Participation at Industrial and Professionals Lounge of 3rd Patan Jain Mandal's EXHIBITION and TRADE FAIR, for renowned Manufacturers, Distributors, Dealers and Professional Service Providers from various fields like Chemicals, Engineering,Electricals, Jewellery, Pharmaceuticals, IT & Software Services, Etc., Etc., Etc.

## KEY BENEFITS FOR YOU AND YOUR COMPANY

AWARENESS and REINFORCEMENT OF YOUR BRAND.
EFFECTIVE ENHANCEMENT OF YOUR GOODWILL even through 2nd and 3rd Generation of our Samaj
SHOWCASING YOUR BUSINESS PRESENCE AND STRENGTH to visitors.
EXCELLENT NETWORKING OPPORTUNITIES for Business.

VALUE FOR YOUR MONEY for Participating at Grand Venue at 5 Star Hotel Sahar Star, Sapphire Hall.
Your Presence will take you miles ahead creating Positive Effective Impact on Visitors for your Business as well as on our Patan Samaj.
Exposure to over 4000-5000 VISITORS in a day of all Age Groups from Within and Outside our Patan Samaj

We have following TWO PROPOSITIONS to choose from.

### VALUE PROPOSITION

* Display and Marketing of your Products/Services in your Exclusive Partitioned Stalls with your own Name Facia.
* Exhibition & Trade Fair Directory shall include details of your Products/Services.

### ECO PROPOSITION

* Display of One No. FLEX STANDEE ( Size 5ft height x 2 ft wide) depicting your Products/Services or Personal Details in Industrial / Professional Lounge JUST for Rs. 5000.
* Brochure Distribution thru Self Pick Up or One Representative alongside of your Standee in well furnished and illuminated Common Categorised Arena.
* Exhibition & Trade Fair Directory shall include details of your Products/Services.

We are Confident that you will GRAB the above mentioned GOLDEN OPPORTUNITY.

### TRADE FAIR Highlights

185+ STALLS
Fashion,
Home Decor,
Health, Gift, Finance
Food, Services etc.
*
6000+ VISITORS
*
Fully high quality AC
Spacious Hall
*
Lucky Draw
for Visitors

Complimentary
Water/Tea/Coffee

3 TRADE FAIR

### STRONG PILLARS of TRADE FAIR

*

**BHAGVATIBEN KANTILAL SALVI**
Salvi Wado
**By: SHRI HEMANTBHAI SHAH**

**TEJAL RAJU (BELTAJ) SHAH**
Polni Sheri
**Antwerp, Belgium**

**SOMIRA DIAM. PVT. LTD**
Keshusethno Pado
**By: SONAL SANDEEP SHAH AND KAUSHAL JANAK SHAH**

**BHAGVATIBEN VINODCHANDRA SHAH**
(MATLIWALA) Kanasano Pado
**By: SHRI DANESH, BHAGYESH, SUKESH, DHIREN**

## તંત્રી સ્થાનેથી...

# પર્યુષણ મહાપર્વ

અષાઢ સુદ-૧૪ આવે અને પ્રત્યેક સ્થળે શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉલ્લાસભેર પધરામણી થઈ જાય અને આઠ-આઠ માસ સુષુપ્ત રહેલ ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓ ભવોભવનું પુણ્યનું ભાથુ બાંધી લેવા દોઢ માસી તપથી લઈ, માસક્ષમણ, સિદ્ધિતપ, ૧૬ ઉપવાસ, અઠ્ઠાઈ ઈત્યાદિ તપશ્ચર્યાઓમાં પરોવાઈ જાય.

નિત્ય સવારે વ્યાખ્યાન અને બપોરે વાચના તેમજ રવિવારની વિશિષ્ટ શિબીરોના આયોજન ગોઠવાય જેમા શક્ય તેટલા પાપોથી બચવા અને ધર્મના સીંચન અંગેના શાસ્ત્રોનુસાર કથનને સરળ ભાષામાં સમજાવવા ધર્મગુરુઓ દ્વારા સઘન પ્રયત્ન કરાય.

જોત જોતામાં પર્યુષણ મહાપર્વના વધામણા લઈ શ્રાવણ માસનો ઉત્તરાર્ધ પણ આવી જાય અને ત્યારે તો જાણે જન જન ધર્મજાગૃતિના ગીતો સાથે વિશિષ્ટ આરાધનાઓ થાય. સવંત્સરી પર્વ પ્રતિક્રમણ કરતા પૂર્વે વર્ષભર જાણતા અજાણતા મન-વચન-કાયાના યોગે કોઈના હૃદય દુભાવ્યા હોઈ તેમની ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી મિચ્છામી દુક્કડમની આપ-લે થાય.

આ પર્યુષણ પર્વ એક ક્ષમાપનાનું મહાપર્વ છે. તો એ કેમ ભુલી શકાય કે જ્યાં ક્રોધ હોય ત્યાં  જ ક્ષમાએ રહેવાનું છે. આ ક્રોધ વિશે અગાઉ ઘણુબધું કહેવાયું છે અને આપણે જાણીએ પણ છીએ કે ક્રોધ હોવો, ક્રોધ કરવો કે ક્રોધ રાખવો તે દરેક પ્રકારે પણ સદંતર ખોટું જ છે. છતાં પણ માનવ સહજ સ્વભાવની નબળાઈઓને લીધે આપણી અંદરથી ક્રોધ સદતંરપણે ક્યારેય બહાર જતો નથી.

વાસ્તવિક જગતના જ્યાં જ્યાં માણસનો પોતાનો અહંમ્ નથી પોષાતો ત્યાં ત્યાં જ ક્રોધ જન્મે છે. સામો માણસ અપમાન કરે કે મિત્રો આપણી ટીખળ કરે ત્યારે ક્રોધ જન્મે છે, મન સંતુલન ખોઈ બેસે છે. આમ જોવા જઈએ તો આ નાનકડી વાત પણ ઉગ્ર બની જાય છે.

જેના સ્વભાવમાં ક્રોધની આગ પ્રજવળતી હોય એ વ્યક્તિ આત્મ ઉન્નત્તિના માર્ગે જઈ શકતો નથી. જ્ઞાની ભગવંતો કહે છે ક્રોધના સહારે મળેલી જીત પણ હાર જ છે. ક્રોધ ક્ષણ જીવી છે જ્યારે તેની થકી નુકસાન ચીરંજીવી છે.

પ્રભુ મહાવીરના પગમાં ડંખ મારનાર ક્રોધી ચંડકૌશિકને બદલે ડંખ સહન કરનાર પ્રભુનીજ જગતમાં સ્તુતિ થઈ છે. અને એ સાથે જ પરમાત્માનો **'સહન કરે તે શૂર'**નો આદર્શ જગતને મળ્યો છે. પરમાત્માની વાત જવા દઈએ તો પણ એ બાંધક મહામુનીની ચામડી ઉતારનાર માટે પણ **'ભાઈ થકી ભલેરા'** કહી અદ્‌ભુત ક્ષમા દાખવી તે મગજમાં રાખીએ. અને આ પર્યુષણ પર્વમાં આપણી અંદર રહેલા ગ્રહો, હઠાગ્રહો, દુરાગ્રહો અને પૂર્વગ્રહોને તિલાંજલિ આપી હૃદયથી ક્રોધનું સમન કરી સૌને માટે વહાલપનું અમૃત વરસાવી આપણું જીવન પણ મધુર બનાવીએ.

સામાન્ય રીતે તો દર વર્ષે ચાતુર્માસ દરમ્યાન આપણે વ્યવહાર અને વ્યવસાયમાંથી સમય કાઢીને જિનવાણી શ્રવણ અને ધર્મ આરાધનાઓ કરીએ જ છીએ, પણ ચાલુ સાલે ધર્મ આરાધનાઓ ઉપરાંત સાધર્મિક બાંધવોને શિક્ષણ, મેડીકલ કે જીવન સંચાલન અર્થે રહેતી આર્થિક સંકડામણ વિશે જરા વિચારી તેમને સહાયક બનવા તત્પરતા દાખવીએ. અને આ જ ઉદ્દેશથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષ ફંડનું આયોજન કરેલ છે. તેમાં શક્ય હોય તે રીતે આપણો આર્થિક સહયોગ આપી પર્યુષણ પર્વના મુખ્ય પાંચ કર્તવ્યો અમારી પ્રર્વતન ચૈત્ય પરિપાટી, અઠ્ઠમ તપ, ક્ષમાપના બાબતનું અતિ મહત્વનું સાધર્મિક ભક્તિનું કર્તવ્ય બજાવીએ.

❑ **સંપાદક સમિતિ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ •**
ADVT

# શ્રી પાટણ જૈન મંડળ

## શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવવા બદલ તેમજ વિવિધ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ગુણવત્તાના ધોરણે અપાતા પારિતોષિકો

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું પ્રમાણ વધતું રહ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ ડિગ્રી-ડીપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક શાખાઓમાં સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચ ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી રહ્યાં છે. તેઓને બિરદાવવા અને તેમનું અભિવાદન કરવાની ભાવના સાથે શ્રી પાટણ જૈન મંડળે વિવિધ ફંડ યોજના દ્વારા તેમજ પોતાના ભંડોળમાંથી પારિતોષિક આપવાની યોજના બનાવી છે.

મંડળ તરફથી અપાતા વિવિધ મેરીટ પ્રાઈઝની વિગતો અત્રે રજૂ કરીએ છીએ. આ ઈનામ પારિતોષિકો મેળવવા અંગેનું જરૂરી ફોર્મ મંડળના મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી તથા પાટણ ખાતેના કાર્યાલયો ખાતે ઉપલબ્ધ છે, જે સંપૂર્ણ વિગતો ભરી, માર્કસીટની ઝેરોઝ નકલ સાથે તા. ૩૧-૮-૨૦૧૭ સુધીમાં મોકલાવી આપવું. આ મેરીટ પ્રાઈઝ છે. તેથી સમાજના તમામ સ્તરના વિદ્યાર્થીઓ ગુણવત્તાના ધોરણે પારિતોષિક મેળવી શકે છે.

એવોર્ડ મેળવવા માટેનું ફોર્મ મંડળની વેબસાઈટ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

### MERIT PRIZES FOR S.S.C. ICSE OR CBSE OR EQUIVALENT EXAM

| | PRIZE NAME | ELIGIBILITY |
|---|---|---|
| 1. | Smt. Smitaben Vikramkumar Dawawala Marriage Prize | 1st Highest Mark |
| 2. | Shri Mohanlal Sakarchand Prize | 2nd Highest Marks |
| 3. | Shri Halabhai Maganlal Girls Student Prize | 1st Highest |
| 4. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 6. | Shri Harshit Bharatkumar Shah English Prize | Highest Marks in English Subject |
| 7. | Shri Harshit Bharatkumar Shah Science Prize | Highest Marks in Science Subject |
| 8. | Shree Patan Jain Mandal Additional Prize | 80% & up marks to all students |

### MERIT PRIZES FOR H.S.C. OR EQUIVALENT EXAM SCIENCE

| | | |
|---|---|---|
| 1. | Shri Sevantilal Kantilal Prize | 1st Highest Mark |
| 2. | Shri Nipun Kapurchand Sonawala Prize | 2nd Highest Marks |
| 3. | Smt. Jivibai Laherchand Kotawala Prize | 3rd Highest Marks |
| 4. | Shri Prvinchandra Chimanlal Kilachand Science Prize | Highest Marks in Science Subject |
| 5. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 6. | Shree Patan Jain Mandal Additional Prize | 70% & up marks to all students |

### COMMERCE

| | | |
|---|---|---|
| 1. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 1st Highest Mark |
| 2. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 2nd Highest Marks |
| 3. | Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize | Highest Marks in Account (B.K.) |
| 4. | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Shree Patan Jain Mandal Additional Prize | 65% & up marks to all students |

### ARTS

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 66% & up marks to all students |

### MERIT PRIZES FOR COMMON-ENTRANCE EXAMS ENGG/MEDICINE-MERIT PRIZES FOR DEGREE COURSE STUDENT B.COM. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize | 1st Highest Mark |
| 2. | Smt. Bhagwatiben Mafatlal (Babubhai) Shri Laxmichand Shah B.Com. Account Prize | Highest Marks in Account Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 60% up to marks to all students |

### B. Sc. (FINAL)

| | | |
|---|---|---|
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Sc. Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | 60% & up marks to all students |

**B.A. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |

**C.A. (FINAL) AND CS (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah Bhupendra & Parendra Chartered Accountant Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |

**MERIT PRIZES FOR POST GRADUATION STUDENTS (DEGREE COURSE) M.Sc. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Smt. Renukaben Pravinchandra Chimanlal Jhaveri Post Graduation Prize | 1st Highest Mark obtained by Girl Student |
| 2. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.COM. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.A. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**MERIT PRIZE FOR POST GRADUATION STUDENTS (DIPLOMA COURSE)**

| | | |
|---|---|---|
| 1. | Shree Gulabchand Manilal Shah Diploma Management Prize | For Diploma in Management |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students in Diffierent Faculties |

**MEDICAL COURSES M.B.B.S. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Dr. Vijay Jayantilal Patani Marriage Medical Prize | Highest Mark |
| 2. | Dr. Dhiren Ramanlel Shah Medical Prize | Highest Mark |
| 3. | Shri Jayantilal Chandulal Shroff Memorial Prize | Highest Mark |
| 4. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.S. (ANY FACULTY)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.D. (GENERAL MEDICINE)**

| | | |
|---|---|---|
| 1. | Dr. Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.S. (ANY FACULTY)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |


# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩ ટ્રસ્ટ રજી. નં. ઈ-૩૯૯

જૂન-૨૦૧૭ દરમ્યાન જે પૂણ્યશાળી પરિવારોએ રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધારે દાન આપીને ૩૦૦૦થી વધુ પશુઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે તેમની યાદી સાભાર પ્રગટ કરવામાં આવે છે સાથોસાથ તેઓ સર્વે પ્રતિ આભાર માનવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી વિમલભાઈ આર. શાહ | રૂા. ૧,૧૧,૦૦૦ |
| મે. એમ. ટી. મદન એક્સપોર્ટ | રૂા. ૧,૧૦.૦૦૦ |
| મે. હાઈટેક ટુલ્સ (કીરીટ સેવંતિલાલ) | રૂા. ૫૫,૦૦૦ |
| મે. હાઈટેક ટુલ્સ (દેવેન્દ્ર ભોગીલાલ) | રૂા. ૫૫,૦૦૦ |
| મે. હાઈટેક ટુલ્સ (દુષ્યંત વૃજલાલ) | રૂા. ૫૫,૦૦૦ |
| શ્રી મણીલાલ ચુનીલાલ સોનાવાલા ટ્રસ્ટ | રૂા. ૫૦,૦૦૦ |
| શ્રી તુષારભાઈ જિતેન્દ્રભાઈ | રૂા. ૪૨,૫૦૦ |
| મે. સુપ્રીમ માઈક્રોનાઈઝીન્ગ (સિદ્ધાર્થ ઝવેરી) | રૂા. ૩૩,૦૦૦ |
| શ્રી લલિતભાઈ પી. શાહ | રૂા. ૩૩,૦૦૦ |
| શ્રી દયાબેન ગિર્જાશંકર શેઠ ટ્રસ્ટ | રૂા. ૨૫,૦૦૦ |
| મે. જીગ્કેમ યુનિવર્સલ | રૂા. ૧૧,૧૧૧ |
| શ્રીમતી પ્રફુલાબેન એલ. શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી આદિનાથ જૈન ટેમ્પલ (ચેન્નઈ) | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી નીતાબેન કે. શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી નરેનભાઈ જયંતિલાલ ઝભલાવાળા | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી બીરેન નરેન્દ્રભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |

ADVT

| | | |
|---|---|---|
| **B.D.S. (DENTIST)** | | |
| 1. | Smr. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |
| **M.D.S. (DENTIST)** | | |
| 1. | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |
| **B.H.M.S./L.C.E.H. (HOMEOPATHY)** | | |
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |
| **G.F.A.M. (AYURVEDIC)** | | |
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |
| **ENGINEERING COURSES** | | |
| 1. | Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize | Highest Marks in Any Faculty of Engineering |
| 2. | Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize | Engineering Graduation or Equivalent Exam |
| 3. | Shri Balubhai Nanalal Shah Electronic Technical Prize | Electronic or Technical Study on Merit Basis |
| 4. | Shri Bhikhachand Godadchand Public Charitable Trust Technical | Prize For Technical Study |
| 5. | Smt. Chandanben Maneklal Bhikhachand Prize | Girls Student for Technical Study on Merit |
| 6. | Smt. Ashrumati Kantilal Kapadia Prize | Any Faculty of Engineering Exam on Merit |
| 7. | Shree Gulabchand Manilal Shah Software Technology Prize | For Software Technology Study |
| 8. | Smt. Ramaben Jayantilal Fatehchand Shah Prize | For Architect Study |
| 9. | Shree Patan Jain Mandal Prize | To all Students of any Fculties of Eng. Exam |
| **MASTER OF BUSINESS ADMINISTATION (M.B.A.)** | | |
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in M.B.A. or M.M.S. |
| **MASTER OF MANAGEMENT STUDIES (B.M.S.)** | | |
| 1. | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | Highest Marks obtain in B.M.S. |
| **MISCELLANEOUS HUNNAR UDYOG** | | |
| 1. | Smt. Jasudben Fatehchand Lallubhai Prize | Technical-Trade Course of Hunner Udyog |
| **PERFORMING ARTS** | | |
| 1. | ShrI Fatehchand Lallubhai Shah Lalitkala Promotion Prize | Specific Achievement in Performing Arts |
| **SPORTS** | | |
| 1. | Shri Sadhanaben Mahendrakumar Popatlal Shah Sports Prize | Best Performance in Organised Sports Competetion |
| **RELIGIOUS STUDY** | | |
| 1. | Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize | Highest Marks obtained in Religious Examination conducted by Jain Organisation |
| 2. | Shri Fatehchand Lalubhai Shah Sport Prize | Best Performance in Cricket, Indoor Outdoor game of Any Specific Sports |


અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોનઃ ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)

**જીવદયા! જીવદયા!! જીવદયા!!!**

પર્યુષણ આવ્યા અને આરાધનાનો ઉજ્જવળ પર્વ લાવ્યા.
દાન-ધર્મ, પૂણ્ય કરવા કમાવવાના મૌસમ લાવ્યા.
મુંગા અબોલ પશુઓનાં મુક આશિષ મેળવવાનો અમુલ્ય અવસર લાવ્યા.
તો ચાલો ફૂલ નહીં તો ફુલની પાંખડી પણ અર્પણ કરી અને આપણું કર્તવ્ય બજાવીએ.

**લાખ દુઃખોની એક દવા હદયથી કરો ગૌ સેવા**

તા. ૧૫-૭-૧૭ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૩૧૩૫

| જીવદયા માટેની વિવિધ યોજનાઓ | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે. | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે. | | | |

સંપર્ક : શ્રી નિખિલભાઈ આર. શાહ : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
શ્રી સંદીપભાઈ આર. શાહ : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

advt

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

## દિશા દિવ્યાંગ અહેવાલ

**શ્રીમતી રાજેન્દ્રાબેન જે.કે. શાહની ૮૦મી વર્ષગાંઠને શ્રી જે.કે. શાહે** અનોખી રીતે ઉજવી. તા. ૨૦મી જૂન ૨૦૧૭ના મુંબઈ હેન્ગીંગ ગાર્ડન પાસે આવેલ **W.I.A.A.ક્લબમાં** આપણા સમાજના દિવ્યાંગો સાથે પાર્ટીનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ઉપર્યુક્ત ક્લબના સેક્રેટરી શ્રી નિતિનભાઈ શાહે હંમેશા મુજબ હાર્દિક સહકાર આપ્યો હતો. દરેક દિવ્યાંગોને શ્રી જે.કે. શાહ તરફથી યુનિફોર્મ - પેન - ચોકલેટ તથા રોકડ રકમ આપવામાં આવેલ.

મુંબઈની જાણીતી **S.L.R. લેબ દ્વારા બાળકોના ઘરે જઈને ફુલ બોડી ચેક-અપ કરવામાં આવ્યું** અને તેના રીપોર્ટ આવ્યા પછી આપણા સમાજના **ડૉ. નિમેષભાઈ શાહ** તથા **ડૉ. મનીષાબેન શાહ** દ્વારા દરેક બાળક તેમજ તેમના માતાપિતાને મેડીકલ કાઉન્સલીંગ કરવામાં આવેલ તેમજ **ખેતરવસીના પાડાના ડેન્ટીસ્ટ ડૉ. આદિત્ય પ્રદિપભાઈ શાહ** અને તેમના સ્ટાફે ડેન્ટલ ચેક-અપ કરીને માર્ગદર્શન આપ્યું હતું. રાજકાવાડાના **શ્રીમતી નીતાબેન સુધીરભાઈ શાહ** તરફથી બાળકોને બોડી સ્પ્રે ભેટ આપવામાં આવેલ.

આ પ્રસંગે સાથ સહકાર આપનાર ડૉક્ટરો, દાતાઓ તેમજ આર્થિક સહયોગ આપનાર **શ્રી જે.કે. શાહ** અને **શ્રીમતી રાજેન્દ્રાબેનનો** આભાર માનવામાં આવેલ.

### દિશા કાર્યશાળા

**તોરણ, રાખી, ધૂપ-આંગીનો સામાન તથા જ્યુટબેગનું વિતરણ ચાલું છે, આપ ખરીદીને બાળકોને ઉત્તેજન આપી શકો છો. મો. નં. 9820487090 પર ફોન કરી આપ આપનો ઓર્ડર બુક કરી શકો છો.**

❑ **દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ**

## પર્યુષણ - આરાધના

પર્યુષણ આવી રહ્યા છે, શું કરવાનું છે ? આપણે છાપામાં વાંચીએ છીએ કે આંતકવાદીઓએ લશ્કરના જવાનો પર હુમલો કર્યો અને આખો દેશ એલર્ટ થઈ ગયો. બસ કર્મરૂપી આતંકવાદીઓએ પણ તમારા મોક્ષમાર્ગ પર હુમલો કર્યો છે, હવે સાવચેત થઈ જાવો, કારણ કે કર્મોનો ભુક્કો બોલાવવા માટે જ આ પર્યુષણ પર્વ આવી રહ્યું છે. **ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી જ માનવમાત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. પર્યુષણ દરમ્યાન પંચ મહાવ્રત ધારી પૂ. સાધુ ભગવંતના મુખે જિનવાણીનું શ્રવણ કરતા સામાન્ય શ્રાવકના માનસમાં સંસ્કારનું સિંચન અને વૈરાગ્યનું વાવેતર થાય છે, એટલે જ પર્યુષણને મહાપર્વ કહેવાય છે.**

પર્યુષણ પર્વ એટલે પાપોને યાદ કરી કરીને તેનું પ્રાયશ્ચિત કરવાનો મોકો. બને તેટલું તપ, જીનવાણી, સામાયિક, પ્રતિક્રમણ કરવા તૈયાર થઈ જાઓ. સંસારમાં રહીને આપણે જે વેરઝેર, મારામારી, ચીટીંગ, ઈગોનો ટકરાવ, કોઈએ આપણું અપમાન કર્યું હોય તેને માટે મનમાં ગાંઠ વાળીને આખી જિંદગી માફ નહીં કરવાની વિચારસરણી અને આ વિચારસરણીના ટોપના પગથિયે ચઢી જાઓ અને તમારો અહંકાર ન ઓગળે, પણ તે માટે વિરપ્રભુએ આપણા જેવા છદમસ્ત જીવોને દર વર્ષે એક તક આપી છે કે તમે જેની પણ સાથે ઝઘડો, કંકાસ વગેરે વગેરે કર્યો હોય તે દરેકને શોધી શોધીને યાદ કરી કરીને સંવત્સરી પ્રતિક્રમણ પહેલા **''મિચ્છામી દુક્કડમ્''** આપી દો તો તમે પાણી જેવા નિર્મળ થઈ જશો અને તમારી મનની ચાદર જે મેલી થઈ ગઈ હશે તેને તમે સફેદ દૂધ જેવી કરી શકશો.

આખી દુનિયામાં કોઈપણ વૈજ્ઞાનિકોએ એવું સોલ્યુશન નથી બનાવ્યું કે તેનાથી તુટેલાં હૈયાના તાર સાંધી શકાય પણ આપણાં વિરપ્રભુએ ''મિચ્છામી દુક્કડમ'' રૂપી એવું સોલ્યુશન આપ્યું છે કે જેનાથી જીવનમાં કરેલી ભુલો સાંધી શકાય છે, માટે જેમ બને તેમ અહંકાર મુકીને જેની સાથે મનદુઃખ થયું હોય તેને કાચી સેકંડનો વિલંબ કર્યા વગર ''મિચ્છામી દુક્કડમ્'' આપી દો. આજ ભગવાને રીત બતાવી છે અને તેને અનુસરો એજ વિનંતી. અંતમાં તમે સંસારની દરેક વસ્તુઓને ભુલી જઈ તમારા આત્મામાં રમવાનું ચાલુ કરી દો અને આત્માની અંદર પ્રવેશવાનો પ્રયાસ કરો ભવસાગર પાર કરો એજ અભ્યર્થના.

❑ **શ્રી નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

**મકાન વેચવાનું છે**
**પાટણ, ગોળશેરી વિસ્તારમાં, વખારના પાડામાં આવેલ ત્રણ મજલાનું મકાન, ઢંઢેરવાડાના દરવાજાની સામે આવેલ મકાન વેચવાનું છે.**
સંપર્ક : **પ્રકાશ શાહ**
**મો. 9224426117**
ADVT

**ફક્ત પાટણના જૈનો માટે**
**મરીનડ્રાઈવ પાટણ બિલ્ડીંગમાં જુના ભાડાના**
**૫૦૦ સ્કે.ફીટના ફ્લેટો વેચવાના છે, તે ઉપરાંત મરીનડ્રાઈવ ચર્ચગેટમાં ૧-૨-૩ બેડરૂમના ફ્લેટ ઓનરશીપમાં મળશે.**
**ભરતભાઈ મંત્રી**
**૭૮/૨૯, મરીનડ્રાઈવ, ત્રીજે માળે, મુંબઈ - ૪૦૦૦૨૦**
Contect : 9322378035
ADVT

## દાન અને સમાજ

**દાન** જગતનો પ્રાકૃત ધર્મ છે. ભગવાનનો પ્રેમ અને સહારો પ્રાપ્ત થતાં આપ્યા વગર રહી શકાતું નથી. ઓછામાં ઓછો આવકનો દસમો ભાગ ભગવાનને એટલે **દાન** રૂપે આપવાથી સમાજનું ઋણ અદા કર્યાનો આત્મસંતોષ થાય છે. અને **દાન** આપીને આપણે પ્રભુના સંપર્કમાં આવીએ છીએ. જેથી નિરોગી રહેવા શક્તિ પ્રાપ્ત થાય છે. સમાજને **દાન** પ્રેમથી વિનયપૂર્વક નિયમીત આપતા રહેવું જોઈએ.

ઈચ્છાઓ અને આકાંક્ષાઓ લાખોપતિની પણ અંત સુધી પુરી થતી નથી. કોઈને તૃપ્તિ થઈ નથી અને થવાની નથી. આ સંસારિક પદાર્થમાંથી વૃત્તિ થોડીક પાછી વાળી **દાન** આપવામાં જોડીશું તો સુખશાંતિ જરૂર પ્રાપ્ત થાય જ છે.

પ્રેમનો અર્થ ભક્તિ છે, પ્રેમનો અર્થ આપવું થાય છે, તેમાં લેવાની આશા ન રાખી શકાય. તો પછી **દાનનો** અર્થ અંતરથી આપવું બીજાને કામ આવે એ રીતે આપવું તેમ થાય. જેઓ ગુલાબ વહેંચે છે, એમના હાથમાં સુગંધ રહી જાય છે, તેમ દિલથી **દાન** આપનારના હૃદયમાં આત્મ સંતોષ થાય છે જ.

લક્ષ્મીનો સિક્કો **દાનની** લાગણીથી સમાજ માટે વાપરશું તો સોનામહોર થઈને પાછો આવશે જ, અને ખિસ્સામાં રાખી મુકશો તો કિંમત ઢબુડી બરાબર છે. માટે જ ઈશ્વરે દરેકને યથાશક્તિ **દાન** કરી, જીવનભરના સંભારણા સાથે લઈને જ જાવ તેવું જણાવેલ છે.

શ્રી પાટણ જૈન મંડળે આ શતાબ્દિ ઉજવણી અવસરે બે નવા ફંડ શરૂ કર્યા છે **''પાટણ શતાબ્દિ ગૌરવ ફંડ''** અને **''સમાજ ઉત્કર્ષ ફંડ''** તે બદલ સંસ્થાને હું હાર્દિક અભિનંદન આપું છું.

આપણી પાસે સીમીત ફંડ હોવાથી વધતી મોંઘવારીને પહોંચી વળવા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને આર્થિક રીતે સહાયભૂત થવા આ ફંડ શરૂ કરવામાં આવેલ છે, જેને છલકાવી દેવાની આપણી સૌની ફરજ બની રહે છે.

પાટણના ૭૦૦ સભ્ય પરિવારો પ્રતિષ્ઠિત, અબજોપતિ, કરોડપતિ, લક્ષાધિપતિ છે તેમનો સહકાર સારો છે, જેની સામે ૩૫૦ પરિવારો આ ફંડનો લાભ લઈ રહ્યા છે. જનું સહાય અલ્પ પ્રમાણમાં છે, કર્મયોગથી ૭૦૦ પરિવાર ઉપર લક્ષ્મીની મહેર વરસતી રહ્યા કરે છે. તેમની સંખ્યા ડબલ છે, જો તેઓ **દાનની ગંગા દિલથી, મનથી વિચારથી અને અમલથી સમાજને વહાવે તો આ પ્રશ્ન સહેલાઈથી ઉકેલી શકાય.**

**પ્રતિબિંબમાં દાનનો પ્રવાહ સતત આવે છે, પણ નવા નામો આવવા જોઈએ તે પ્રમાણમાં આવતા નથી. સતત સંપર્ક કરી નવું લીસ્ટ બનાવી સંપર્ક કરવાથી આ ફંડ પૂરું કરી શકાય છે. કારણ પટ્ટણીઓ ઉદાર ભાવનાવાળા છે અને દાન આપવામાં કસર કરે તેવા જરાય નથી.**

શેરબજારનો ઈન્ડેક્સ થોડા સમય પહેલાં ૨૩૫૦૦ હતો, ત્યારે બધા કહેતા કે **દાન** તો કરવું છે, પણ ઈન્ડેક્સ ૩૦૦૦૦, આસપાસ થાય તો મુડીમાંથી ૫ ટકા થી ૧૦ ટકા **દાન** કરવાની ભાવના છે. આજે એ સમય આવી ગયો છે. સારો સમય હાથમાંથી સરી ન જાય, તે પહેલા અમલ કરી સમાજનું ફંડ છલકાવી મનની ઈચ્છા પુરી કરવાની આ તક છે.

**દાન** આપી આપના ધનને ધન્ય બનાવો,
સમાજ માટે સહકાર આપનો, સેવા અમારી,
આપે લંબાવ્યો હાથ, જાણે મળ્યા ભગવાન અમને,
**સમાજ માટે જે આપે દાન તેજ ખરા ધનવાન....**

* * *

જેમ ફુલોને સુવાસ જોઈએ, પંખીને આકાશ જોઈએ,
**શતાબ્દિ ગૌરવ ફંડને આપના દાનનો સથવારો જોઈએ....**

* * *

સુવાસ પ્રસરે છે પુષ્પમાંથી, જળ વર્ષે છે વાદળમાંથી,
રોશની ફેલાય છે દિપકમાંથી, **દાન** અપાય છે અંતર ઈચ્છાથી....

* * *

ક્રોધની આગને બુઝાવી દે મને, કાંટામાં ગુલાબ ઉગાડી દે મને,
વેર ઝેરની વાતો ભુલાવી દે મને, **દાનનો** રસ્તો બતાવી દે મને...

* * *

ધન **દાનમાં** આપવાથી લક્ષ્મી શુદ્ધ થાય છે, પારકાના ભલા માટે દરેક ધર્મમાં **દાન** કરવાનું કહેવાયું છે. જે જકાતના રૂપે યા દેવના હક રૂપે વાપરવામાં આવે છે. આપીને મેળવવું એ જ જગતનો શાશ્વત નિયમ છે.

''આંખ ખૂલી તો ઉઠ્યા કહેવાય, દ્રષ્ટિ ખૂલી તો જાગ્યા કહેવાય...''

**સમાજ માટે આ શતાબ્દિ ઉજવણી અવસરે દરેકે દરેક પાટણના જૈનોને જાગ્રત થઈ યથાશક્તિ લાભ લેવા વિનંતી છે. આભાર....**

❑ **શ્રી વર્ધમાન નગીનદાસ શાહ**

**રાગ : ચાંદીકી દિવાર ન તોડી**

નશ્વર દેહને, છોડી દઈને, આત્મા ચાલ જવાનો છે,
તારું, મારું, નીત, નીત કરતાં, કાલે શું થવાનું છે,
**નશ્વર દેહ...૧**

પરની વાતોમાં, અટવાઈને, તમે તમારું ખાશો રે,
જેવી કરણી, તેવી ભરણી, થઈ જાશે ત્યાં વરણી રે...
એક દિન આવશે એવાં, અહીંનું અહીં રહેવાનું છે,
તારું મારું નીત, નીત કરતાં, કાલે શું થવાનું છે....
**નશ્વર દેહ...૨**

સંસારીની માયા જુઠી, જુઠી તેની છાયા રે,
પ્રભુ પ્રત્યેની ભક્તિ સાચી. સાચી તેની માયા રે,
મોહ માયાને મમતા ને છોડી ભક્તિમાં મનડું જોડો રે...
તારું મારું નીત, નીત કરતાં, કાલે શું થવાનું છે....
**નશ્વર દેહ...૩**

દીન-દુઃખીને સહાય કરીને, કરજો તેનું રક્ષણ રે,
પરના દુઃખે દુઃખી, બનીને, મેળવ્યો પ્યાર પ્રભુનો,
મહાવીર મંડળની બેનો, આજ, વિનવે છે કર જોડીને
પશ્ચાતાપના આંસુ બહાવી, માંગે સેવાનું સ્થાન...
**નશ્વર દેહ...૪**

❑ **શ્રીમતી સુશીલાબેન કીર્તિલાલ શાહ**

# ભવ સાગરનો ભય

સંસાર! અસાર છે.

જે સંસારને આપણે છોડી નથી શકતા તે સંસારને પરમ આત્મા સિદ્ધાવસ્થામાં રહીને કેવો જોઈ રહ્યા છે ? તે જોવાથી આપણને ઉદ્વેગ થઈ જશે.

**સંસાર ને ભવસાગર સમજો અને તેનું સ્વરૂપ વિચારો**

(૧) સંસાર સમુદ્રનો મધ્યભાગ અગાધ છે. (૨) તેનું તળીયું અજ્ઞાન વજ્રથી બનેલું છે. (૩) તેમાં સંકટોના પર્વતો પથરાયેલા છે. (૪) તેનો માર્ગ વિકટ વિષમ છે. (૫) વિષય, અભિલાષાનો તેમાં મહાવાયુ ફુંકાઈ રહ્યો છે. (૬) ક્રોધ, માન, માયા, લોભના કષાય-પાતાળ કળશો તેમાં છે. (૭) તેમાં મનના વિકલ્પોની ભરતી આવે છે. (૮) તેમાં રાગના પાણી વાળો વાસના કંદર્પનો દાવાનળ સળગી રહ્યો છે. (૯) સંસાર સમુદ્રમાં રોગનાં માછલા અને શોકના કાચબાઓ રહેલા છે. (૧૦) આવા સમુદ્ર ઉપર દુર્બુદ્ધિની વિજળી ચમકે છે. (૧૧) સમુદ્રમાં મત્સરના વાવાઝોડા આવે છે. (૧૨) જાતજાતના દ્રોહની ભયંકર ગર્જનાઓ થાય છે. (૧૩) વહાણવટીઓ સંકટમાં ફસાય છે.

આ જોતાં સંસારસમુદ્ર દારૂણ છે, આવા સાગરને પાર કરી જવાની ઈચ્છા વડે પ્રયત્ન શરૂ થાય છે. સાગરમાં સહેલગાહ કરવાની ઈચ્છા રહેતી નથી. તોફાની સાગરને જલ્દીથી તરવા ચાહે છે.

મારે! સંસાર સમુદ્ર તરવો છે. આ સંકલ્પ કર્યે જ છુટકો છે.

**મધ્યભાગઃ**

સમુદ્રનો મધ્યભાગ અગાધ હોય છે ને ? તેનું તળીયું શોધ્યુ ન જડે. આ સંસારનો મધ્યભાગ છે યુવાવસ્થા. એ અવસ્થા અગાધ છે, એનો કોઈ તાગ ન પામી શકે.

મનુષ્યની યુવાવસ્થાની અગાધતાને સૂર્યના કિરણો પણ ભેદી શકતાં નથી. મરજીવાઓ પણ અગાધતામાં ખોવાઈ જાય છે... શોધ્યા જડતા નથી. શું કરશે બિચારા ખલાસી ? વહાણવટી ?

**તળીયુઃ**

આ સંસાર સમુદ્રનું તળીયું કોઈ કાદવ, પથ્થર કે માટીનું બનેલું નથી, મજબુત હથિયાર જેવા વજ્રનું બનેલું છે. અજ્ઞાનતા આવી વજ્રસમાન છે. અજ્ઞાનતાના તળિયા ઉપર સમગ્ર સંસાર ટકેલો છે, એટલે કે સંસારનું મૂળ છે, અજ્ઞાનતા.

**પર્વતોઃ**

સમુદ્રમાં ઠેર ઠેર પાણીની અંદર ડૂબેલા, પાણીમાં અડધા ડૂબેલા પર્વતો હોય છે, વહાણવટીઓ આ પર્વતોથી સાવધાન રહે છે. સંસારસમુદ્રમાં તો આવા પર્વતોની હારમાળાઓ રહેલી છે તે સંકટોની હારમાળા એટલે એક-બે પર્વત નહીં અરવલ્લી અને સહ્યાદ્રી પર્વતોની હારમાળા જેવી એના કરતાં ય દુર્ગમ સંકટોની હારમાળા સંસાર સમુદ્રમાં પથરાયેલી છે.

પાણીની અંદર ડૂબેલા પર્વત સાથે ધ્યાન ન રહે - ખ્યાલમાં ન આવે તો વહાણ ટકરાય અને ચૂરેચૂરા થઈ જાય.

**માર્ગ :**

આવા સંસાર સમુદ્રનો માર્ગ વિકટ-વિષમ અને દુર્ગમ હોય છે. આવા માર્ગે સાવધાની કેટલી જરૂરી છે ? જરા પણ બેદરકારી ન ચાલે. આળસ, નિદ્રા, વિનોદ ચાલે ખરા ? કોઈ અનુભવી માર્ગદર્શક પર વિશ્વાસ મૂકવો પડે. જ્ઞાન અને જ્ઞાનીગુરુ પર ભરોસો કરવો પડે.

**મહા વાયુઃ**

પાંચ ઈન્દ્રિયોના વિષયોની - તૃષ્ણાની અભિલાષાનો પ્રચંડ વાયુ એ મહાસાગરથી ફુંકાઈ રહ્યો છે, તૃષ્ણાથી જીવો ભટકી રહ્યા છે. વિષયસુખની વાસનાથી જીવો કેવા અટવાઈ રહ્યા છે ? આ વાયુ ક્યાંથી પ્રગટે છે ? પાતાળ કળશોમાંથી !

**પાતાળ કળશઃ**

આ સંસાર સાગરમાં ચાર પાતાળકળશો રહેલા છે. ક્રોધ-માન-માયા-લોભ. આ પાતાળ કળશોમાંથી પેલો મહા વાયુ નીકળે છે અને સમુદ્રમાં તોફાન પેદા કરે છે.

**ભરતીઃ**

મનના વિકલ્પોની ભરતી આવે છે. કષાયોમાંથી વિષયતૃષ્ણાઓ જાગે છે ને વિષયતૃષ્ણામાંથી ભરતીની જેમ માનસીક વિકલ્પો પેદા થાય છે. આ ભરતી કેવી ગજબ હોય છે. આખો સાગર હિલોળે ચડેલો દેખાય છે.

સમુદ્રમાં તો પૂનમ જેવા દિવસોએ જ ભરતી આવે છે, પરંતુ સંસાર સાગરમાં તો નિરંતર ભરતી આવતી રહે છે, આ ભરતીને જોઈને તમે ગભરાઈ જશો....

**વડવાનળઃ**

ભોગ-કંદર્પના વડવાનળમાં સંસારસમુદ્રનો કયો મુસાફર નથી ફસાયો ? કોણ એ વડવાનળની આગની ઝાળથી બચી શક્યો છે ? એ વડવાનળમાં રાગના ઈંધન નખાયા કરે છે. રાગના ઈંધનથી સદૈવ વડવાનળ સળગતો રહે છે. સુંવાળુ-શીત ઈંધન સંભોગ છે.

આ વડવાનળ ખરેખર આશ્ચર્યજનક છે ! દાવાનળમાં સંસારી જીવો નિર્ભય બનીને કૂદી પડે છે. સળગવા છતાં એ વડવાનળમાંથી બહાર નીકળવાને બદલે રાગના વડવાનળને વધુ પ્રદિપ્ત કરે છે. 'કંદર્પ એટલે વાસના, આ સંસારસાગરમાં રહેલા મોટા ભાગના મુસાફરો એ વડવાનળમાં સપડાયેલા દેખાય છે, કેટલાક તે વડવાનળ તરફ દોટ મુકિને જતા દેખાય છે.'

**માછલા અને કાચબાઃ**

સંસાર સમુદ્રમાં મોટા મગરમચ્છ માછલીઓ તે નાના-મોટા સાધ્ય અસાધ્યરોગોનાં મોટા માછલાં પણ મુસાફરોને પરેશાન કરે

છે. કોઈ કોઈ તો મગરમચ્છના ઉઘાડા જડબામાં આખા અને આખા ઉતરી જતાં દેખાય છે. ધીમી ગતીના જીવલેણ રોગરૂપ કાચબાઓથી મુસાફરો ડરે છે, શોકરૂપ કાચબા ખરેખર ખૂબ જ પરેશાન કરે છે.

**વિજળી:**

આકાશમાં વિજળીઓ કડાકા બોલાવે છે, ચમકે છે, નજીક આવી જાય છે. દુર્બુદ્ધિ એ ગજબની વિજળી છે. હિંસા-જૂઠ-ચોરી-દુરાચાર-વ્યભિચાર-માયા-લોભ આવી વિજળીઓના ચમકારાથી જીવ અંજાઈ જાય છે. શું થશે ? તે સમજાતું નથી.

**વાવાઝોડું:**

ગુણવાન પુરુષ પર રોષ તેનું નામ મત્સર. સંસાર સમુદ્રમાં આવા વાવાઝોડા આવ્યા જ કરે છે. દેવ-ગુરુની નીંદા અથવા અવગણના - ઉદાસીનતાના વાવાઝોડા શ્રદ્ધાને તહસ-મહસ કરી દે છે. જાણવા છતાં તેનાથી ટેવાઈ જઈને-ગુણધન ઉડી જાય છે. ફંગોળાઈ જાય છે.

**ગર્જના:**

સંસાર સમુદ્રમાં દ્રોહની ગર્જના નિરંતર સંભળાતી રહે છે, પિતા-પુત્રનો દ્રોહ કરે છે. પુત્ર-પિતાનો દ્રોહ કરે છે. રાજા-પ્રજામાં દ્રોહ પ્રર્વતે છે. પતિ-પત્ની, શિષ્ય-ગુરુમાં દ્રોહ પ્રવર્તે છે. ચો તરફ દ્રોહની ભીષણ ગર્જનાઓ થઈ ને, અવિશ્વાસ અને શંકાના વાતાવરણમાં અકળામણ વર્તાય છે.

**વહાણવટીઓ:**

સંસાર સાગર તરવાના અને તારવાના કિમીયા જાણનારા અનેક મહાત્માઓ રહેલા છે, સાગરની સપાટી પર વહાણમાં માલ ભરીને મુસાફરી કરનારા મનુષ્ય જ છે.

છતાં બિચારા વહાણવટીઓ સંસારસાગરની ભીષણતામાં ભીંસાઈ જાય છે. સંકટમાં પડેલા છે તેમાંથી મોટાભાગના વહાણવટીઓ તો પર્વત સાથે ટકરાઈને સમુદ્ર તળીયે સમાધિ લે છે. કેટલાક આગળ વધે છે, તો મધ્યભાગમાં આવેલા વડવાનળમાં બળીને સાફ થઈ જાય છે. કેટલાક ઉપર વિજળી તૂટી પડે છે, કેટલાક વાવાઝોડામાં સર્વસ્વ ખોઈ બેસે છે.

બહુ જ થોડા જીવો કે જેમને આ ભયંકર ભવસાગરનું યથાર્થજ્ઞાન છે અને જેઓ જ્ઞાનીને અનુસરે છે, તેઓ જ આ ભવસાગરને પાર કરી જાય છે. જ્ઞાની પુરુષ આ સંસારસાગરને અતિ દારૂણ જુએ છે. કોઈપણ આવા સંસારી સુખમાં લોભાતો નથી. તેનું કેવળ એકજ લક્ષ્ય છે જલ્દી ભવસાગરને તરી જવો ! સર્વ પ્રયત્ન ભવસાગરને તરી જવાના જ હોય. મન-વચન-કાયાના યોગ વડે તરવાનો પ્રયત્ન કરતા હોય છે.

આત્મસાક્ષી એ વિચારતાં ભવસાગરમાં ક્યાં સરળ માર્ગ છે ? ક્યાં નિર્ભયતા છે ? ક્યાં શાંતિ-સુખ છે ? ક્યાં સ્વસ્થતા છે ? ક્યાં પ્રસન્નતા છે ? આવા સંસારમાં કરવા યોગ્ય કાંઈ જ નથી માટે તેમાં રહેવાનો વિચાર પણ કંપાવી મુકે છે.

દેશના ભાગલા વખતે કેટલાક હિન્દુઓ પાકિસ્તાનમાં પોતાની કરોડોની સંપત્તી ઘર - હવેલી - બંગલા છોડીને નાસીને હિન્દુસ્તાનમાં આવી ગયા, ત્યાં નિર્ભયતા, સલામતી, શાંતિનું જોખમ દેખાયું. તેમ ભવસાગરથી નાસી જવાતી તમન્ના જાગી જાય પછી માયા-મમતાના બંધન તોડવા સહેલા થઈ જશે. તે માટે અહીં ભવસાગરની ભીષણતા બતાવવામાં આવી છે.

જ્યારે આત્મામાં ભવસાગરનો ભય જાગી જશે, ત્યારે એને પાર કરી જવા તમે મન-વચન-કાયાથી તૈયાર થઈ જશો, અને ત્યારે તમને કોઈ રોકી નહીં શકે, તેવું મહાપુરુષો સમજાવે છે.

આપણા માટે શાંત અને એકાંત સ્થાનમાં એકાગ્ર બનીને વિચારવું રોજ-રોજ વિચારવું જરૂરી બની રહે છે. પાટણની ધરાના મુમુક્ષુઓને હાર્દિક ધન્યવાદ.

❑ **શ્રીમતી આશાબેન મિતિનભાઈ શાહ**

## સંસ્થા સમાચાર

❑ **શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ** દ્વારા તા. ૨૪-૯-૨૦૧૭ના રવિવાર સવારે ૯.૩૦ કલાકે **એસ.પી. ઓડીટોરિયમ,** માર્વે રોડ, મલાડ (વે), ખાતે **શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા** દિગ્દર્શીત - અભિનીત નાટક **'રંગ રંગીલા ગુજ્જુભાઈ'** રાખવામાં આવેલ છે. આ પ્રોગ્રામની વધુ વિગત સભ્યોને સરક્યુલર દ્વારા જાણ કરવામાં આવશે જેની નોંધ લેશો.

❑ **બોરીવલી-દહીંસર પાટણ જૈન મિત્ર મંડળ**

મિત્રમંડળના ઉપક્રમે લોઢાધામ - જીવદયાધામનો યાત્રા પ્રવાસ (ચૈત્ય પરિપાટી)નું આયોજન આગામી ૩-૯-૨૦૧૭, રવિવારના રોજ કરવામાં આવ્યું છે. પ્રવાસમાં જોડાવવા ઈચ્છનાર સભ્ય પરિવારે આવનાર યાત્રિકોના નામ તા. ૧૫-૮-૨૦૧૭ પહેલા નીચેના સંપર્ક સૂત્ર પર નોંધાવી લેવા વિનંતી. મર્યાદિત સંખ્યા માટે વ્યવસ્થા ઉપલબ્ધ છે તો નામ તુરતજ નોંધાવવા વિનંતી.

**મયુરભાઈ :** 9819965004, **નિમીષભાઈ :** 9821242511

❑ **બોરીવલી-દહીંસર પાટણ જૈન મિત્ર મંડળના** ઉપક્રમે સભ્ય પરિવાર સિનિયર સીટીઝન માટે તા. ૨-૭-૨૦૧૭ના રવિવારના રોજ એ-૨૩ પાટણ જૈન મંડળ હોલ, બોરીવલી ખાતે 'મોનસુન સંગીત'નો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. સંગીત કાર્યક્રમબાદ હાઉઝી ગેમ તથા અલ્પાહારનો રસાસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

❑ **પાટણ ઓચ્છવ કનાસાનો પાડો,** પાટણ કનાસાના પાડામાં તા. ૨૪-૧૨-૨૦૧૭થી તા. ૨૮-૧૨-૨૦૧૭ પાંચ દિવસનો ભવ્ય ઓચ્છવ ઉજવવામાં આવશે. ઓચ્છવના કન્વીનર્સ તરીકે **શ્રી નિરંજનભાઈ પોપટલાલ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ તથા શ્રી દિપકભાઈ રેવંતીલાલની નિમણૂંક** કરવામાં આવી છે.

# SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE,
MUMBAI-400020. PHONE : 2281 1346 • 2281 1218
E.mail : patanmandal@gmail.com • www. patanmandal.org


## PJM Digital Match Making

### CANDIDATE'S DETAILS

Candidate's Full Name : ______________________

Maholla : ______________ Family Id No : ________ ☐ Male ☐ Female

Birth Date : _____ / _____ / _______ Birth Place : ___________ Birth Time : _________

Height (Ft.-Inch) : _______ Weight (kgs) : ________ Mobile No : ______________

Residential Address : ______________________

______________________

State: ______________ Pin Code: ______________ Tel. No. ______________

**Education -** Medium of Instruction in School : ______________________

Colleges (Year & Names) : ______________________

______________________

Diploma / Degree Achived : ______________________

Education : ☐ Non Graduate ☐ Graduate ☐ Post Graduate ☐ Professional

**Work Profile** : ☐ Business ☐ Job ☐ Professional ☐ Not Working

Workplace : Name of Firm & Address : ______________________

______________________

Designation : ______________ E-mail Id : ______________

Father's Full Name : ______________ Mobile No of Parents :______________

Grand Father's Name : ______________________

Mother's Name : ______________________

Family's Residential Address : ______________________

______________________

Any Physical Disability ? : ______________________

Hobbies & Extra Curricular Activities : ______________________

### CANDIDATE'S PREFERENCE FOR POTENTIAL SPOUSE

Accept Working Girl ? ☐ Yes ☐ No Can she work after Marriage? ☐ Yes ☐ No ☐ May be

Preference for Spouse's Education : ☐ Non Graduate ☐ Graduate ☐ Post Graduate ☐ Professional

Specify further regarding your Expectation from the Potential Spouse : ______________________

______________________

YOUR DATA WILL BE KEPT CONFIDENCIAL & WILL BE GIVEN ONLY TO APPROPRIATE CANDIDATES

## PJM ડિજિટલ મેચ મેકીંગ

વિકસીત સમાજની યુવા પેઢીના વૈવાહિક સંબંધો કેળવવા માટે યોગ્ય ભૂમિકા બાંધવા મંડળ અવારનવાર પરિચય મિલન સમારંભના આયોજનો ગોઠવે છે. તેજ પ્રમાણે આ ટ્રેડફેરમાં પણ યુવક-યુવતીઓ અને તેના વાલીઓ ઉપસ્થિત રહી જીવનસાથીની પસંદગી કરવા માહિતી મેળવે તે તાતી જરૂરિયાત છે.

શ્રી પાટણ જૈન મંડળની **જીવન મહેક સમિતિ** તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ના ટ્રેડફેર કમ એક્ઝીબીસનમાં સર્વ પ્રથમ વખત સમાજ સમક્ષ રજૂ કરે છે, **PJM ડિજિટલ મેચ મેકીંગ.**

આ ડિજિટલ માધ્યમ દ્વારા યુવક-યુવતીઓના બાયોડેટા તથા ફોટોગ્રાફ સહીતના ફોર્મ ભરાઈને આવેલ હશે તથા સ્થળ ઉપર ફોર્મ ભરાયેલ હશે તેવા ઉમેદવારોની મેચીંગ સંબંધિત વિગતો ઈચ્છુક પરિવારને પુરી પાડવામાં આવશે.

આ અંગે તમારે માત્ર આટલું જ કરવાનું રહેશે.

o તમારા સ્માર્ટ ફોન સાથે બારકોડ (ફોર્મ પર આપવામાં આવે છે) અને ઓનલાઈન ફોર્મમાં ડેટા ભરવાનો રહેશે.

અથવા

o આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થયેલ ડેટા ફોર્મ જે ભરીને મંડળની ઓફિસમાં મોકલવાનું રહેશે.

o ઓનલાઈન ફોર્મ ભરવા માટે સ્થળ (ટ્રેડફેરમાં) ઉપર પણ જરૂરી વ્યવસ્થા - ગોઠવણ કરવામાં આવેલ છે.

માર્ચ, ૨૦૧૩માં મંડળ દ્વારા અપરિણીત યુવક-યુવતીઓની મહત્વની વિગતો સાથેની 'નિમિત' પુસ્તિકા છપાયેલ હતી, જેમાં લગભગ ૯૦૦ યુવક-યુવતીઓના ફોટા સાથે બાયોડેટા આપેલ. તદ્ઉપરાંત ૨૦૧૫માં પણ **નિમિતની** નાનકડી પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ થયેલ **નિમિતમાં** પણ લગભગ ૩૦૦ ઉમેદવારોએ પોતાની વિગતો આપેલ, એજ પ્રમાણેના આપના પ્રતિસાદની અપેક્ષા રાખીએ છીએ.

૩૧મી ઓગસ્ટ, ૨૦૧૭ સુધીના તમામ વિગતો **PJM ડિજિટલ મેચ મેકીંગમાં** અપલોડ કરવામાં આવશે. આ ડેટા પાટણ તથા પાટણ સમાજની બહારની આપણી બહેન અથવા દીકરીઓ પણ ભરી શકશે.

રવિવાર તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ, લગ્નની ઈચ્છા ધરાવતા ઉમેદવારો સહારા સ્ટારના સેફાયર હોલ ખાતે **PJM ડિજિટલ મેચ મેકીંગ** રિસોર્સ દ્વારા યોગ્ય યુવક-યુવતીની પસંદગી કરી શકશે. ફક્ત અગાઉથી રજિસ્ટર થયેલ ઉમેદવારો તેમની પસંદગી માટેના યુવક-યુવતીઓની કોમ્પ્યુટરાઈઝ્ડ લિસ્ટ તેજ દિવસે સ્ટોલ ઉપરથી મેળવી શકશે.

૨૦ થી ૩૫ વર્ષની વયના લગ્નોત્સુક ઉમેદવારો માટે બપોરે ૨ થી ૪ દરમ્યાન ખાસ ઈન્ટરેક્ટિવ કાર્યક્રમ યોજાયેલ છે, જેમાં ઓનલાઈન અથવા ફીઝીકલ ડેટા ફોર્મ જેમણે **તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૭ સુધી ભરીને રજિસ્ટર થયેલ હશે તેઓ જ ભાગ લઈ શકશે.**

**લગ્નોત્સુક ઉમેદવારો કે તેમના વડીલોએ વહેલી તકે આ આયોજનનો લાભ લેવા વિનંતી.**

## PJM DIGITAL MATCH MAKING

**PJM** takes pride in announcing the Digital Match Making which all Patanis can easily participate.

All Patanis are aware of exquisite Nimit book, which was published by PJM in 2013 where almost 900 Candidates had given their Biodata & Photographs. We expect similar response which would be useful to eligible Candidates.

Shree Patan Jain Mandal shall launch its **FIRST PJM DIGITAL MATCH MAKING** at the forthcoming 3rd PJM Trade Fair and Exhibition on Sunday, 10th September 2017 for aspiring candidates of Patan Samaj.

Basic Necessary data of aspiring Boys and Girls shall be given by candidates in the following mode.

1) Scan QR Code (given on Form) with your Smart Phone & Fill Data in online Form.

OR

2) Physical Data Form attached herein to be manually filled in by you and send it to PJM Office.

All forms received upto 31st August 2017 shall be uploaded in **PJM DIGITAL MATCH MAKING.**

To start with only Patanis are eligible to register. Your Sisters and/or Daughters married outside Patan Samaj can also register for their prospective candidates.

On Sunday, 10th September 2017, prospective candidates for marriage shall visit along with family members to **PJM DIGITAL MATCH MAKING** Stall at Sapphire Hall of Sahara Stall. Pre-Registered Aspirants shall get relevant Computerised List with basic details of other counterparts to initiate work for selection of suitable spouse.

At the Trade Fair in Sahara Star Hotel on Sunday 10th September 2017, entire list will be available in the Computer where only pre-registered Candidates will be provided with appropriate data of their interest.

On 10th September 2017 at Trade Fair Venue, a Surprise Interactive programme for Potential CANDIDATES (Age 20 to 35) only for CANDIDATES from 2.00 pm to 4.00 pm. (online) registered on or before 31st August 2017.

So all Prospective Candidates and/or Parents may Hurry Up and register your details before 31st August 2017 to join **PJM DIGITAL MATCH MAKING.**

## સાભાર સ્વીકાર

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમિયમ ફંડ**

૮,૦૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**શ્રીમતી સુભદ્રાબેન વ્રજલાલ અંબાલાલ શાહ મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થકેર રીલીફ ફંડ**

૩,૦૦,૦૦૦/- શ્રી સુરેશભાઈ વ્રજલાલ શાહ (ચીતારાની ખડકી) હ. શ્રીમતી ચિતલબેન બિરેનભાઈ શાહ શ્રી બિરેનભાઈ સુરેન્દ્રભાઈ શાહ

**વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ (ડિજિટલ કૉમ્પ્યુટર ક્લાસીસ)**

૨,૦૦,૦૦૦/- શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (કુંભારિયા પાડો)
૧૫૬૩ ડોલર

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી અભયભાઈ નવિનચંદ્ર ઝવેરી (પડીગુંદીનો પાડો) સ્વ. શ્રીમતી પુષ્પાબેન નવિનચંદ્ર ઝવેરીના સ્મરણાર્થે

**સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૨,૦૦,૦૦૦/- રમણલાલ શાહ (પ્રદિપકુમાર એન્ડ કું.) ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારિયા પાડો)
૨,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૧,૨૫,૦૦૦/- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
૧,૦૦,૦૦૦/- કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારિયા પાડો)
૨૨,૦૦૦/-શ્રીમતી દમયંતિબેન મંગલભાઈ શાહ (લખીયારવાડો) સ્વ. શ્રી મંગલભાઈ ચંદુલાલ શાહના સ્મરણાર્થે

**શિક્ષણ સહાય ભેટ**

૨૫,૦૦૦/- શ્રી સુરેશભાઈ સેવંતીલાલ શાહ (પોળની શેરી)
૧૧,૦૦૦/- શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (ખેતરવસી, શામળાજીની શેરી) શ્રી કલ્પ, પ્રથમ, વંશની ગીરીરાજજીની ૯૯ યાત્રા પૂર્ણ થયા નિમિત્તે

**દવા સહાય ભેટ / શિક્ષણ સહાય ભેટ**

૧૮,૦૦૦/- શ્રી ચંદ્રકાન્તભાઈ મનસુખલાલ શાહના ૮૯માં જન્મદિન નિમિત્તે.

**દવા સહાય ભેટ**

૧૦,૦૦૦/- શ્રી પ્રજ્ઞેશકુમાર પ્રવિણકુમાર શાહ (કોકાનો પાડો)

**રાગઃ સમરો મંત્ર ભલો નવકાર...**

સમરો નિત્ય ઉઠી સવાર
વ્હાલા વિમળાચળનું નામ
એના મહિમાનો નહીં પાર
થાતાં ઈચ્છીત સર્વે કાજ
દેવો આવે દાનવ આવે
આવે નરને નાર...
સંઘ લઈને સંઘ પતિ આવે,
થાયે બેડો પાર... સમરો નિત્ય....
અમીય ભરેલી નજર્યુંથી
આદિનાથ દાદા નિહાળે
દર્શન આપે દુઃખડા કાપે,
ભક્તોના તારણહાર
સમરો નિત્ય ઉઠી સવાર,
વ્હાલા શંખેશ્વર દાદાનું નામ
ભાવનામાં તો રમઝટ ઝામે
કર્મના મેલ ધોવાય,
સમરો નિત્ય ઉઠી સવાર
વ્હાલા ચોવિસ જીનના નામ....

❑ **શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | જ્યોત્સનાબેન વસંતલાલ શાહ | ૭૩ | દહીંસર | ૧૮-૦૬-૧૭ | જેઠ વદ-૦૯ |
| વિશા શ્રીમાળી | વાસુપુજ્યની શેરી | પરાગભાઈ અમીચંદ શાહ | ૫૭ | બોરીવલી | ૧૯-૦૬-૧૭ | જેઠ વદ-૧૦ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | કુસુમબેન ભગુભાઈ શાહ | ૮૩ | ગોવાલિયાટેન્ક | ૦૨-૦૭-૧૭ | અષાઢ સુદ-૦૯ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | ઈન્દુબેન મહાસુખલાલ શાહ | - | પાલીતાણા | ૦૪-૦૭-૧૭ | અષાઢ સુદ-૧૧ |
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | અરવિંદભાઈ વાડિલાલ શાહ | ૮૦ | મરીનડ્રાઈવ | ૦૬-૦૭-૧૭ | અષાઢ સુદ-૧૩ |
| દશા ઓસવાલ | ચૌધરીની શેરી | રમેશચંદ્ર ચીમનલાલ શાહ | ૮૨ | મરીનલાઈન્સ | ૦૮-૦૭-૧૭ | અષાઢ સુદ-૧૪ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | મિતાબેન પીયુષભાઈ ઝવેરી | ૪૭ | પુના | ૧૦-૦૭-૧૭ | અષાઢ વદ-૦૧ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | દિનેશભાઈ માણેકલાલ શાહ | ૭૭ | સુરત | ૧૪-૦૭-૧૭ | અષાઢ વદ-૦૫ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન * * દેહદાન કરો અને કરાવો (**યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન**)

# PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT

*Sponsored by :*

## *Somira Diam*

*by Sonal Sandeep Shah and Kaushal Janak Shah*

*www.somiradiam.com*

*Co-Sponsored by :*

## Shri Mukeshbhai Chimanlal Patani

Shree Patan Jain Mandal Sport Committee has announced the **Somira Patan Premier League** to be held in Jan/Feb 2018 . We have opened the invites for those who wish to own the teams for the tournament. Those interested are requested to contact the below mentioned persons before **15th Aug. 2017**. As per the format there are 6 teams and there will be closed bid for the ownership. The closed bids will be held on **1st Sept. 2017 Friday at 6.00pm at Shree Patan Jain Mandal Sabhagruh, Marine Drive.**

Players are requested to register themselves online for the tournament. The last date for the same is **20th Sept. 2017.** An E-mail shall be received by the online applicant as an acknowledgement after the registration. Registered players shall make their payment of registration Fee of Rs. 1000/- and refundable Deposite of Rs. 1500/- **(Total Rs. 2500/-)** with photograph in the Shree Patan Jain Mandal offices mentioned below.

Last date for those intrested for team ownership 15th Aug. 2017

Last date for Registration & Submission for players online 20th Sept. 2017.

**MARINE DRIVE** : HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346
Time : 11 am to 6 pm

**GOREGAON** : Roopam, 152 Jawahar Nagar, Goregaon (W) Mumbai 400062, Phone: 28776090
Time : 9.30 am to 12.30 and 4 pm to 6.30 pm

**BORIVALI** : A-23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali (E), Mumbai 400068, Phone: 28911308
Time : 9.30 am to 12.30 and 3.30 pm to 6.30 pm

Scan this code for online submission

**For if any queries please contact**

| Kamleshbhai Shah | Punit Shah | Bhavesh Shah |
|---|---|---|
| 9820045595 | 9821734331 | 9820838667 |


॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# ઉતમ ક્વોલીટી નો




**પર્યુષણના વધામણા**

**પર્યુષણ પર્વના પાવન પ્રસંગે ઉપયોગી એવા ઉચ્ચ ક્વોલિટીના જૈન સિદ્ધાંત અનુસાર પૂર્ણ જયણાપૂર્વક બનાવેલા** ચોરાફળી, બાજરી, મસાલા, જીરા, ઘી-સાદા, સુકવેલ મેથી, તીખી તથા મીઠી મુંગડી જેવા વિવિધ પ્રકારના ખાખરા, પાપડ તથા દેવડા, મગદળ, મોહનથાળ, બરફી-ચુરમુ જેવી સાત્વીક મીઠાઈઓ તેમજ સૂંઠ પાઉડર (૨૫૦ ગ્રામ રૂ. ૧૩૦/-), પીપળામૂળ(ગંઠોડા) નો પાઉડર (૨૫૦ગ્રામ રૂ. ૧૮૦/-) તથા ગુંદર (૨૫૦ ગ્રામ રૂ. ૫૦/-)ના ભાવે વિતરણ કરવામાં આવશે. આપની જરૂરિયાત મૂજબનો ઑર્ડર નીચે મુજબના કોઈપણ એક સ્થળે આપી શકાશે. હોમ ડીલીવરી રૂ. ૧૨૦૦/-ની ખરીદી ઉપર જ થશે.

## કનાસા કલ્યાણ કેન્દ્ર માંથી મળશે.

પાટણ – 094286 64881, 096876 79158
ગોરેગાંવ – 096990 53690, 087671 21628
વિલે પારલે 099203 85597

"આપશ્રી જ્યારે પાટણ પધારો ત્યારે જરૂરથી KKની અવશ્ય મુલાકાત લો."

ADVT

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● July 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જૈનધર્મની ગૌરવગાથા

પ્રભાવક આચાર્યો, પ્રતાપી પૂર્વજો, પરોપકારી મહાત્માઓ અને શ્રાવકોએ કરેલા ઐતિહાસિક કાર્યોથી જૈનધર્મની કીર્તિ ચારે તરફ ફેલાયેલી છે. આ કીર્તિગાથા દેશના સીમાડાઓને ઓળંગી વિદેશોમાં પણ ફેલાઈ છે. પરમાત્મા મહાવીર સ્વામીના શાસનના ૨૬૦૦ વર્ષના દીર્ઘકાલીન સમયમાં અનેક પુણ્યાત્માઓએ કરેલા કાર્યોનો આ પ્રવાહ અવિરત વહેતો રહ્યો છે. તેઓએ સ્વ-પરના કલ્યાણનું અનુપમ કામ કર્યું છે.

ભગવાન મહાવીર સ્વામીએ અહિંસા, સંયમ અને તપની દેશના આપી. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતના સિદ્ધાંતો આપી માનવજીવનને કલ્યાણનો માર્ગ ચીંધ્યો. અહિંસા પરમો ધર્મ સૂત્રને માત્ર વૈચારિક સ્તરે જ નહીં પણ વ્યાવહારિક સ્તરે પણ ચરિતાર્થ કરવાની કળા શીખવી. આસ્તિક્તાને જીવનનો આધાર બનાવ્યો અને **''મિત્તિ મે સવ્વ ભૂએસુ''** જેવા અણમોલ વિચાર-આચાર રત્નોથી માનવ જગતને દિવ્ય બનાવવાનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો. ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી, જમ્બુ સ્વામીએ આધ્યાત્મની જ્યોતને જ્વલંત બનાવી. અંધશ્રદ્ધા અને કુરૂઢિઓ સામે આસ્તિકતા અને આત્મકલ્યાણની કેડી કંડારી, શ્રેણિકરાજા પરમાત્માની દેશના સાંભળી પરમ ભક્ત બન્યા અને ધર્મ માર્ગે રાજકાર્ય કરી પ્રજાને સુખી કરી, મંત્રીશ્વર અભયકુમારે ધર્મ પ્રભાવના કરી, મહાત્મા સ્થુલભદ્રે સંયમ અને શ્રુતનો મહિમા સ્થાપિત કર્યો. સિદ્ધસેન દિવાકર સૂરિ, મલ્લવાદી સૂરિ અને હરિભદ્રસૂરિએ અન્ય દાર્શનિકોએ અનેકાન્તવાદ આદિ જૈન દર્શનના સિદ્ધાન્તો ઉપર કરેલા આક્ષેપોનો સટીક તાર્કિક જવાબ આપી જૈન દર્શનની કીર્તિને દિગદિગંત સુધી ફેલાવી. કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે રચેલુ વિશાળ સાહિત્ય કુમારપાળ દ્વારા કરાવેલા કાર્યો અને વિદ્વાન શિષ્યમંડળ દ્વારા જૈન શાસનનું ગૌરવ વધાર્યું.

અકબર બાદશાહને પ્રતિબોધિત કરી આચાર્ય હીરસૂરિ મહારાજે જૈનધર્મની શાન વદારી, ઉપાધ્યાય યશોવિજયજીએ રચેલ સાહિત્યથી જૈનધર્મની વિરાસતનો પરિચય કરાવ્યો. જૈનધર્મે કરેલા અહિંસાના કાર્યો, જીવદયાના કાર્યો, માનવ કલ્યાણના કાર્યો અને આત્મ કલ્યાણની અપૂર્વ સાધના આ બધાને લીધે જૈનધર્મની ગૌરવગાથા અવર્ણનીય બની છે. આ ગૌરવગાથા પ્રત્યેક જૈનને જાણવા જેવી છે.

આવી ગૌરવગાથા આપણા ભવ્ય ભૂતકાળની જાણકારી આપનાર તથા પ્રેરણા આપનારી ઉજ્જવળ ગાથા છે. **''જૈનધર્મની ગૌરવગાથા''** નામના આ પ્રવચનમાં આવી અનેક અદ્‌ભુત, આશ્ચર્યકારી બાબતો જાણવા મંડળ દ્વારા આયોજીત આ વ્યાખ્યાનમાં અવશ્ય પધારશો. આ વ્યાખ્યાન સાંભળવાનું રખે ચૂકતા.!

### શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
### સ્મૃતિ વ્યાખ્યાન
**રવિવાર, તા. ૧૩-૮-૨૦૧૭**

**સમય :** સવારે ૧૦.૦૦ કલાકે
**વિષય :** ''જૈનધર્મની ગૌરવવાથા''
**વક્તા :** ડૉ. જીતેન્દ્રભાઈ શાહ,
Director of L D Institute of Indology,
Ahmedabad
**સ્થળ :** હિન્દી વિદ્યાભવન સભાગૃહ
૭૯, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ,
મુંબઈ - ૪૦૦૦૨૦

❑ પ્રોગ્રામ સમિતિ

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Sun | 13-Aug | Shravan V 6 | 10 am | Hindi Vidhya Bhavan Marine Drive | **Vyakhyan** |
| 2 | **Soc & Eco Upliftment** | Sun | 10-Sept | Bhadarva V 5 | 10 am to 8 pm | Sahara Star, Vile Parle(E) | **Trade Fair** |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,